# સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત

(રમતગમત,યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)

## જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરત

પેલો માળ, સુડા ભવન, વેસુ-આભવા રોડ, વેસુ, સુરત-૩૯૫૦૦૭

**E-mail Id :-** dsdo-surat@gujarat.gov.in


જાવક નં જિ.ર.પ્ર.કે.સુરત :- :- ખેમકું/૨૪૨ થી ૩૪૧/૨૦૨૫-૨૬ તા. ૦૫-૦૨-૨૦૨૬

# સુધારો પરિપત્ર

પ્રતિ,
જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,
જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,
તમામ ગુજરાત રાજય

**વિષય: ખેલ મહાકુંભ રાજ્યકક્ષાની અં-૧૪ અને ઓપન એજ ગ્રુપ ભા/બ આર્ટીસ્ટીક સ્કેટીંગ સ્પર્ધાના આયોજન બાબત.**

**સંદર્ભ: માન.ડાયરેક્ટર જનરલશ્રી,એસ. એ.જી. ગાંધીનગરના પત્ર ક્રમાંક:એસએજી/ખેમકું/૨૦૨૫-૨૬ ૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા. ૨૪/૧૨/૨૦૨૫**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે,રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, સુરત દ્વારા આયોજિત **ખેલ મહાકુંભ અંતર્ગત રાજયકક્ષાની અં-૧૪ અને ઓપન એજ ગ્રુપ ભા/બ આર્ટીસ્ટીક સ્કેટીંગ રમતની સ્પર્ધા તા.૧૫/૦૨/૨૦૨૬ થી તા.૧૬/૦૨/૨૦૨૬ દરમ્યાન, એચ. જે. ગજેરા વિધાભવન કતારગામ, સુરત** ખાતે યોજાનાર છે. જે અંગેની આપણા જિલ્લાની રજીસ્ટ્રેશન કરેલ **KMK ID** સાથેની એન્ટ્રી તા.૧૩/૦૨/૨૦૨૬ સુધીમાં **dsdo-surat@gujarat.gov.in** ઉપર ઈ-મેઈલથી અચૂક મોકલી આપવી. તેમજ ખેલાડીને જાણ કરી આ સ્પર્ધામાં ભાગ લેવા મોકલવા વિનંતી છે.

## ખેલ મહાકુંભ રાજયકક્ષા આર્ટીસ્ટીક સ્કેટીંગ સ્પર્ધાનો કાર્યક્રમ

| ક્રમ | વયજુથ | ઈવેન્ટ | સ્પર્ધા તારીખ અને સમય |
|---|---|---|---|
| ૧ | ઓપન ગ્રુપ ભાઈઓ/બહેનો | તમામ ઇવેન્ટ | તા.૧૫-૦૨-૨૦૨૬<br>સવારે ૦૯:૦૦ કલાકેથી |
| ૨ | અં-૧૪ ભાઈઓ/બહેનો | તમામ ઇવેન્ટ | તા.૧૬-૦૨-૨૦૨૬<br>સવારે ૦૯:૦૦ કલાકેથી |

## ખેલ મહાકુંભ રાજયકક્ષા આર્ટીસ્ટીક સ્કેટીંગ સ્પર્ધા રીપોર્ટીંગ તારીખ અને સમય

| ક્રમ | રીપોર્ટીંગ તારીખ અને સમય | રીપોર્ટીંગ અને નિવાસ સ્થળ |
|---|---|---|
| ૧ | ઓપન ગ્રુપ ભાઈઓ/બહેનો તમામ ઇવેન્ટ<br>તા.૧૪/૦૨/૨૦૨૬ સાજે ૪ વાગ્યે | બદ્રીનારાયણ મંદિર, BAPS હોસ્પિટલ પાસે, અડાજણ, સુરત |
| ૨. | અં-૧૪ ભાઈઓ/બહેનો તમામ ઇવેન્ટ<br>તા.૧૫/૦૨/૨૦૨૬ સાજે ૪ વાગ્યે | |
| ૩. | સ્પર્ધા સ્થળ | એચ. જે. ગજેરા વિધાભવન, કતારગામ, સુરત |

નોંધઃ- જે ખેલાડીઓ સિધા સ્પર્ધા સ્થળે આવવાના હોઇ તે ખેલાડીઓ સ્પર્ધા સ્થળ રિપોર્ટીંગ કરવાનુ રહેશે.

**રજીસ્ટ્રેશન અને સ્થાનિક સંપર્ક માટે નીચે મુજબના અધિકારીશ્રી/કર્મચારીશ્રીઓનો સંપર્ક કરવાનો રહેશે.**

**સંપર્ક નંબર:** (૧) સપનાબેન દેસાઇ મો.નં. ૯૮૨૫૦૬૨૩૭૧ (સ્પર્ધાના ટેકનિકલ કન્વીનરશ્રી )
(૨) શ્રી જીવાભાઇ રાઠોડ મો.નં.:૯૬૮૭૭૯૫૦૬૩ (નિવાસ સ્થળ)
(૩) શ્રી પ્રાચી મોદી મો.નં.: ૯૫૭૪૨૫૬૨૩૮ (નિવાસ સ્થળ)
(૪) શ્રીમતી શીતલ લીમ્બાચીયા મો.ન. ૭૬૨૧૦૨૨૫૪૫ (રજીસ્ટ્રેશન માહિતી)
(૫) શ્રી કૈલાશ ચૌધરી- ૮૯૮૦૭૩૭૩૭૭ (એચ.જે. ગજેરા વિધાભવન, કતારગામ, સુરત)

**અગત્યની સુચના:**

(૧) દરેક ઈવેન્ટમાં ૧ થી ૪ વિજેતા ખેલાડીઓને ભાગ લેવા મોકલવાના રહેશે.
(૨) ઓનલાઈન KMK ID નંબરવાળા સ્પર્ધકોને જ સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે.
(૩) સ્પર્ધાના દરેક ખેલાડીઓએ ઓનલાઈન રજીસ્ટ્રેશન પહોંચ ફરજીયાત સાથે લાવવાની રહેશે.
(૪) સ્પર્ધાના દરેક ખેલાડીઓએ એલીજીબીલીટી ફોર્મ જિલ્લા રમત વિકાસ અધિકારી / જિલ્લા રમત ગમત અધિકારી સહી-સિક્કા સાથે લાવવાનું રહેશે.
(૫) ભાગ લેનાર ખેલાડીઓના જન્મ તારીખ/રહેઠાણના જરૂરી પુરાવા સાથે લાવવાના રહેશે.
(૬) ભાગ લેનાર ખેલાડીઓએ ફરજીયાત આધાર કાર્ડ સાથે લાવવાનું રહેશે.
(૭) પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂકપણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીજીનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
(૮) દરેક ખેલાડીએ પોતાની બેન્ક ખાતાની વિગતો સાથે લાવવાની રહેશે. (કેન્સલ ચેક અથવા બેન્ક પાસબૂકની ફોટોકોપી)
(૯) સ્પર્ધા/નિવાસ સ્થળે કોઈપણ પ્રકારનું નુકસાન કરવામાં આવશે તો તે નુકસાનની પૂરેપૂરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઈ કરવાની રહેશે અને પ્રવાસ ભથ્થુ ચૂકવવામાં આવશે નહીં.
(૧૦) સ્પર્ધા દરમિયાન જો કોઈ ઈજા કે જાનહાનિ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે.
(૧૧) આપના જિલ્લામાંથી આવનાર ખેલાડીઓએ ફરજીયાત સરકારી બસ, ટ્રેન અથવા સરકારી વાહનમાં મુસાફરી કરીને જ સ્પર્ધા સ્થળ પર પહોંચવાનું રહેશે. સરકારી વાહનમાં મુસાફરી ન કરેલ હોય તેવા સંજોગોમાં પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે નહીં.
(૧૨) આ સ્પર્ધા એસોસીએશનના નીતીનિયમો પ્રમાણે રમાડવામાં આવશે.
(૧૩) સ્પર્ધા સ્થળે શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે. અશિસ્ત કરનાર વ્યક્તિ કે ટીમને સ્પર્ધામાંથી બાકાત કરવામાં આવશે.
(૧૪) સ્પર્ધા દરમિયાન પસંદગી સમિતીનો નિર્ણય આખરી ગણાશે.

(૧૫) દરેક ખેલાડી પોતાની ફીટનેસ અંગેનું પ્રમાણપત્ર MBBS ડોકટરનું પ્રમાણપત્ર સાથે લાવવાનું રેહશે.

(૧૬) સ્પર્ધામાં આવનાર ખેલાડીઓએ વાલીનું સંમતિપત્ર સાથે લાવવાનું રેહશે.

(૧૭) ઋતુ અનુસાર ઓઢવાનું પોતાની સાથે લાવવાનું રહેશે તેમજ ખેલાડીઓએ કીમતી સામાન સાથે લાવવો નહિ અન્યથા જવાબદારી પોતાની રહેશે.

(૧૮) જીલ્લામાંથી આવતા તમામ ખેલાડીઓ, કોચીઝ અને મેનેજર સિવાય અન્ય કોઈપણ બિનઅધિકૃત વ્યક્તિને સાથે લાવવાનું રહેશે નહિ.

(૧૯) ખેલ મહાકુંભ ૨૦૨૫ ના પરિપત્રમાં દર્શાવ્યા મુજબના નિયમો દયાને લેવાના રહેશે.

નોંધ: ખેલાડીએ રમતને અનુરૂપ કીટ સાથે લાવવાની રહેશે.

જિલ્લા રમતગમત અધિકારી
સુરત

જિલ્લા રમત વિકાસ અધિકારી
સુરત

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ:</u>**

(૧) માન.અગ્ર સચિવશ્રી, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર.
(૨) માન. મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત મહાનગર પાલિકા, સુરત.
(૩) માન. ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૪) માન. કલેકટરશ્રી, સુરત.
(૫) માન. પોલીસ કમિશ્નરશ્રી, સુરત.
(૬) માન. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, સુરત.
(૭) માન. સચિવશ્રી, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૮) મુખ્ય કોચશ્રી વ ટીમ લીડરશ્રી ખેલ મહાકુંભ, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર.
(૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૧૦) પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, સુરત.
(૧૧) પ્રમુખ/મંત્રીશ્રી, ગુજરાત રાજય રોલર સ્કેટીંગ એસોસીએશન
(૧૨) પ્રમુખ/મંત્રીશ્રી, સુરત જિલ્લા વ્યાયામ મંડળ, સુરત શહેર / ગ્રામ્ય.
(૧૩) આચાર્યશ્રી, એચ. જે. ગજેરા વિધાભવન, કતારગામ, સુરત (સ્પર્ધા અંગે સહકારની અપેક્ષા સહ....)

**<u>નકલ સવિનય રવાના જાણ સારૂ અને જરૂરી કાર્યવાહી કરવા અર્થે:</u>**

(૧) માન. આરોગ્ય અધિકારીશ્રી, સુરત મહાનગર પાલિકા, સુરત (સ્પર્ધા સ્થળે જરૂરી મેડીકલ ટીમ પૂરી પાડવા સારૂ)
(૨) નાયબ માહિતી નિયામકશ્રી, સુરત. (સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધી કરવા સારૂ)

**નિવાસ સ્થળ**

**સ્પર્ધા સ્થળ**